૧૫૪૭

સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોને
જાતિ પ્રમાણપત્ર આપવા બાબત......

મૂળ ગુજરાતના ગણાતા માતા-પિતાનાં
ગુજરાત બહાર જન્મેલાં બાળકોને જાતિ પ્રમાણપત્ર.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-સશપ/૧૪૯૫/મ.૨૫૪/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૩-૨-૧૯૯૬.

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧/૪/૮૬નો પરિપત્ર.
ક્રમાંક:-સશપ/૧૦૮૫/૨૨૭/ગ.

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૩૦/૬/૯૪નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૧૪૯૩/૧૦૩૬/અ.

પરિપત્ર:-

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વ્યકિતના માતા-પિતા મૂળ ગુજરાતના જ વતની હોય, પરંતુ માતાને કોઈ સામાજીક કારણોસર કે પ્રસૂતિ માટે ગુજરાત બહાર જવાનું થયું હોય અને બાળકનો જન્મ તે બહારના સ્થળે થયો હોય તો તેવા મૂળ ગુજરાતના પણ આ દર્શાવેલ કારણસર ગુજરાત બહાર જન્મને કારણે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી ઊભી થયાનું સરકારના ધ્યાન પર આવતાં, ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ પરના તા.૧/૪/૮૬ના પરિપત્રથી સ્પષ્ટતાઓ કરવામાં આવેલ છે કે ફકત જન્મના હેતુસર કામચલાઉ ધોરણે ગુજરાત બહાર જવાથી મૂળ વતન બદલાઈ જતું નથી. જન્મ બાદનું શિક્ષણ, વ્યવસાય અને વસવાટ ગુજરાતમાં જ હોય અને માતા-પિતા મૂળ ગુજરાતના વતની હોય તો વ્યકિત સામાજિક અને શૈક્ષણિકરીતે પછાતવર્ગ તરીકે જાતિ પ્રમાણપત્ર મેળવી શકે છે. (નકલ પુન:સામેલ કરેલ છે.)

૨. તેવી જ રીતે સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે ઉપર આમુખ ક્રમાંક-(૨)માં દર્શાવેલ સમાજ કલ્યાણ વિભાગના તા.૩૦/૬/૯૪ના ઠરાવથી નકકી કર્યા મુજબ મુજબના તા.૧/૪/૭૮ પહેલાં ગુજરાતમાં સ્થાયી થયેલ પરપ્રાન્તની 'પદ્મશાલી' વગેરે જેવી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યકિત જે હવે મૂળ ગુજરાતની

...૨....

ગણાતી હોય પણ સામાજીક કારણસર અથવા પ્રસૂતિના કારણે ગુજરાત બહાર જવાનું થવાથી તેમના બાળકનો જન્મ ગુજરાત બહાર થયેલો હોય તો તેવાં બાળકો ત્યાર બાદ ગુજરાતમાં જ તેમના મા-બાપ સાથે રહેતાં હોવા છતાં તેમને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.

૩. આથી ઉપર ફકરા-૨ અંગે પુનઃસ્પષ્ટતા કરવામાં આવે છે કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વ્યક્તિ/વર્ગ તા.૧/૪/૭૮ પહેલાંથી ગુજરાતમાં કાયમી નિવાસ થયેલા હોય, પરંતુ માતાને કોઈ સામાજીક કારણસર કે પ્રસૂતિ માટે ગુજરાત બહાર જવાનું થયું હોય તેમના બાળકનો જન્મ ગુજરાત બહારના સ્થળે થયો હોય, પરંતુ બાળકના જન્મ બાદનું શિક્ષણ, વ્યવસાય અને વસવાટ ગુજરાતમાં જ હોય તો તેમને રાજ્યના સા.શૈ.પ.વ. ગણી xxxx સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર આપી શકાય.

૪. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકેના જાતિ પ્રમાણપત્રો આપતી વખતે ઉપરોક્ત સુચનાઓ લક્ષમાં રાખી જરૂરી હોય તેટલા આધાર પુરાવાઓ મેળવી જાતિ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી કરવા તમામ સક્ષમ અધિકારીઓને આથી પુનઃસૂચનાઓ આપવામાં આવે છે.

આ સુચનાઓ તાબા હેઠળના તમામ ખાતાના વડાઓ/કચેરીઓને પરિપત્રીત કરવા પણ વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.વી.સુથાર)
સેક્શન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે મામલતદારશ્રીઓ.
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.ક.).
સર્વે સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશનો.
સચિવાલયના તમામ વિભાગો (તેમના હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/ નિગમને ધ્યાને લાવવાની વિનંતી સાથે.

સીલેક્ટ ફાઈલ. અ-શાખા.,સમાજ કલ્યાણ વિભાગ.